ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



ઓરસંગ બ્રિજ પર ભારે વાહનોની મંજૂરી માટે વેપારીઓની માંગ

## સંખેડાના ઓરસંગ બ્રિજ પર ભારે વાહનોને હજુ 'નો એન્ટ્રી'



(પ્રતિનિધિ) સંખેડા, તા.21

સંખેડામાં ઓરસંગ નદી પર બ્રિજ બનાવ્યો છતાં ભારે વાહનોને મંજૂરી નહિ મળી નથી. આથી, વાહનોને ફરી-ફરીને આવવું પડે છે. છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં બહાદરપુર અને આસપાસના વિસ્તારોને જોડતા ઓરસંગ નદી પર 300 મીટર લાંબો બ્રિજ બનાવવામાં આવ્યો છે.

ઓરસંગ નદી ઉપરનો આ બ્રિજ સ્ટેટ આર એન્ડ બી વિભાગની માલિકીનો છે. બ્રિજની સ્થિતિને ધ્યાનમાં રાખીને અગાઉ સ્ટેટ આર એન્ડ બી વિભાગ દ્વારા બ્રિજ ઉપરથી ભારેદારી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.બ્રિજના રિપેરિંગ માટે સ્ટેટ આર એન્ડ બી વિભાગે બે ટેન્ડર બહાર પાડ્યા હતા. આ કામમાં એક ટેન્ડરની રકમ આશરે સવા ત્રણ કરોડ રૂપિયા જ્યારે બીજા કામની રકમ આશરે સાત કરોડ રૂપિયા હોવાનું ધ્યાને આવ્યું છે. આમ, બ્રિજની મરામત અને સંબંધિત કામગીરી પાછળ કુલ ખર્ચ કરોડો રૂપિયાનો થઈ ચૂક્યો છે. બ્રિજના પિલ્લરોના ફાઉન્ડેશન સહિતની મહત્વની કામગીરી પૂરી કરવામાં આવી હોવા છતાં હજુ સુધી ભારેદારી વાહનો માટે બ્રિજ ખુલ્લો કરવામાં આવ્યો નથી.

હાલમાં સ્ટેટ આર એન્ડ બી વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ બ્રિજનું ટેસ્ટિંગ સહિતની કેટલીક કામગીરી બાકી હોવાનું જાણવા મળે છે. જ્યારે સ્થાનિક વેપારીઓ કહે છે કે મંજૂરી નહિ મળતા વાહનોને ફરી-ફરીને જવું પડે છે. છતાં ભારે વાહનોને મંજૂરી મળી નથી. આથી, ભારે વાહનોને ફરીને આવવું પડે છે તેથી સમયસર ઓર્ડર મળતા નથી. બ્રિજની ટેસ્ટિંગ અને બાકી કામગીરી ઝડપથી પૂર્ણ કરીને ભારે વાહનો માટે બ્રિજ તાત્કાલિક ખુલ્લો મૂકવામાં આવે.

## ભોજમાં લીમડાના ઝાડ નીચે જુગાર રમતા ૬ ઝડપાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા તાલુકાના ભોજ ગામના બંગલાવગો વિસ્તારમાં લીમડાના ઝાડ નીચે જાહેરમાં પત્તા વડે હારજીતનો જુગાર રમતા છ શખ્સોને વડુ પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ સહિત કુલ રૂ.10,520નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બાતમી મળતાં ભોજ ગામના બંગલાવગો વિસ્તારમાં લીમડાના ઝાડ નીચે જાહેર જગ્યાએ દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસની રેડ દરમિયાન છ શખ્સો ગોળ કુંડાળું વળી પત્તા વડે પૈસાની હારજીતનો જુગાર રમતા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી સમસાદઅલી સૈયદ, અબ્દુલ રાઠોડ, સલીમભાઇ રાજ, ફિરોજભાઇ ઉર્ફે બારોટ દિપસંગભાઇ રાઠોડ, સલીમખાન ઉર્ફે સંનાંટી પઠાણ અને ઈસુબભાઇ મિર્ઝા સહિત છ શખ્સોને ઝડપી પાડ્યા હતા.

પરંપરાગત સાડીમાં મહિલાઓની ઉત્સાહભેર ભાગીદારી

## બોડેલીમાં 'સાડી દોડ ૨.0'નો રંગ જામ્યો, ૧૫૦૦ મહિલાઓએ દોડીને આપ્યો ફિટનેસનો સંદેશ

(પ્રતિનિધિ) બોડેલી, તા.21

બોડેલી ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'સાડી દોડ 2.0'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના 'ફિટ ઈન્ડિયા'ના સંદેશને સાકાર કરવાના હેતુથી યોજાયેલી આ દોડમાં અંદાજે 1500 જેટલી મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બોડેલી તાલુકા સેવા સદન ખાતેથી યોજાયેલી સાડી દોડને જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, જિલ્લા વિકાસ અધિકારી સચિન કુમાર સહિતના અધિકારીઓએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. પરંપરાગત સાડી પહેરી



મોટી સંખ્યામાં મહિલાઓ દોડમાં જોડાતા સમગ્ર રૂટ પર ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

તાલુકા સેવા સદનથી શરૂ થયેલી આ દોડ શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ અલીપુરા સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી. દોડ દરમિયાન મહિલાઓએ સ્વસ્થ જીવનશૈલી, નિયમિત કસરત, ફિટનેસ અને મહિલા સશક્તિકરણનો સંદેશ આપ્યો હતો.

જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી આવેલી મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મહિલાઓની વિશાળ સહભાગિતાને પગલે બોડેલી શહેરમાં સમગ્ર દોડ દરમિયાન 'ફિટ ઈન્ડિયા' અને મહિલા સશક્તિકરણના સંદેશની ગુંજ જોવા મળી હતી.

## ડેસરના સોની સામે ચોથી છેતરપિંડીની ફરિયાદ

**સોનાની** ચેન બનાવવાના બહાને રૂ. ૬૧,૫૦૦ ની છેતરપિંડી આચરી

(પ્રતિનિધિ) ડેસર, તા. 21

ડેસર પોલીસ સ્ટેશનમાં સોનાની ચેન બનાવવાના બહાને રૂ. ૬૧,૫૦૦ ની છેતરપિંડી કર્યાની વધુ એક ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૧૬(૨) તથા ૩૧૮(૪) મુજબ ગુનો નોંધ્યો હતો.

ફરિયાદી નવનીતભાઇ ભરતભાઇ માછી, ઉંમર ૨૯ વર્ષ, રહે. કોઠારા નાનુ ફળિયુ, તા. ડેસર, એ નોંધાવેલી ફરિયાદ મુજબ, ડેસર ખાતે રહેતા સંજયભાઈ ચંપકલાલ સોની (ઉંમર ૩૮, દ્વારા સોનાની ચેન બનાવી આપવાના નામે વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. ફરિયાદીના પિતાએ સોનાની ચેન માટે કિંમત રૂ.૬૧,૫૦૦ નક્કી કરી હતી. ત્યારબાદ આરોપી દ્વારા ચેન બનાવી આપવાનું કહી ફરિયાદી પાસેથી મહેનતના રોકડા રૂ.૩૦,૦૦૦ મેળવી લેવામાં આવ્યા હતા ચેન બનાવી આપવાનું કહી વારંવાર વિલંબ કર્યા બાદ ફરિયાદીને ધક્કા ખવડાવ્યા હતા. વધુમાં ફરિયાદીના પિતા પાસેથી પણ રૂ.૩૦,૦૦૦ રોકડા લઈ સોનાની ચેન કે નાણાં પરત ન આપ્યા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે ડેસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાત્રે ખાડો દેખાતો ન હોવાથી બાઇકચાલકો સહિત વાહનચાલકોની મુશ્કેલી વધી

## મહિનાઓથી ખાડો યથાવત, જાગૃત નાગરિકે ડાળી મૂકી વાહનચાલકોને ચેતવ્યા

(પ્રતિનિધિ) બોડેલી, તા.21

બોડેલી-મેરીયા પુલ નજીક નેશનલ હાઈવે નંબર 56 પર રાધે કૃષ્ણ રેતીના સ્ટોક પાસે માર્ગની વચ્ચોવચ પડેલા ખાડાના કારણે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થયું છે. ખાસ કરીને રાત્રિના સમયે પૂરતી રોશનીના અભાવે ખાડો સ્પષ્ટ દેખાતો ન હોવાથી બાઈકચાલકો સહિત અન્ય વાહનચાલકો માટે જોખમ વધી ગયું છે.

ખાડાની ગંભીરતા ધ્યાને આવતા એક જાગૃત નાગરિકે વાહનચાલકોને દૂરથી ખાડો દેખાય અને સાવચેતી રાખી શકે તે હેતુથી ખાડાની વચ્ચે ઝાડની ડાળી મૂકી ચેતવણી આપવાનો



પ્રયાસ કર્યો હતો. જોકે, નેશનલ હાઈવે જેવા મુખ્ય માર્ગ પર ખાડો પડ્યાને મહિનાઓ વીત્યા છતાં તંત્ર દ્વારા હજુ સુધી યોગ્ય સમારકામ કરવામાં ન આવતા વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

જાગૃત નાગરિકના જણાવ્યા મુજબ રાત્રિના અંધારામાં ખાડો નજરે ન પડે અને વાહન અચાનક તેમાં પટકાય તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. આવા જોખમી સ્થળે તાત્કાલિક યોગ્ય બેરિકેડિંગ અને જરૂરી ચેતવણી સાથે ખાડાનું સમારકામ કરવું જરૂરી બન્યું છે.

જાગૃત નાગરિકે ડાળી મૂકી, તંત્ર ક્યારે જાગશે? હાઈવે જેવા મહત્વના માર્ગ પર જોખમી સ્થિતિ ઊભી થઈ હોવા છતાં હજુ સુધી અસરકારક કાર્યવાહી ન થતાં જવાબદાર તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા તાત્કાલિક ખાડાનું સમારકામ કરી માર્ગને સલામત બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## ગવાસદમાં મહિલાએ ધંતુરાના પાન ખાઈ લેતા સારવાર હેઠળ

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા તાલુકાના ગવાસદ ગામે એક મહિલાએ પોતાની દીકરીઓના ભણતર અંગેના ટેન્શનના કારણે ધંતુરાના પાન ખાઈ લેતાં તબિયત લથડતા સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ગવાસદ વણકરવાસમાં રહેતી મનીષાબેન હસમુખભાઈ વણકર (ઉ.વ. 36) ને કંપનીમાંથી નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. આ બાદ પોતાની દીકરીઓના ભણતર અંગે ચિંતા થતાં તેઓ ઘરે આવ્યા હતા. દરમિયાન તેમણે ધંતુરાના બે-ચાર પાન ખાઈ લીધા હોવાનું જાણવા મળ્યું હતું. ધંતુરાના પાન ખાધા બાદ તેમને ઉલ્ટીઓ થવા લાગતા પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## વિદ્યાર્થીઓ પાસે સફાઈ કરાવવાના આક્ષેપથી ચકચાર

**વાયરલ** વીડિયોમાં બાળકો કચરો સાફ કરતા દેખાયા,

(પ્રતિનિધિ) શિનોર, તા. 21

શિનોર તાલુકાના સાધલી ગામે આવેલી PM SHRI સાધલી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ પાસે કચરો સાફ કરાવાતો હોવાનો વીડિયો વાયરલ થતાં શિક્ષણ જગતમાં ચર્ચા જાગી છે. વાયરલ વીડિયોમાં કેટલાક વિદ્યાર્થીઓ શાળાના પરિસરમાં કચરો એકત્ર કરતા તેમજ ડસ્ટબિન અને મોટી કચરાપેટી ખસેડતા જોવા મળી રહ્યા હોવાની બાબત બહાર આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાયરલ વીડિયોમાં કેટલાક બાળકો દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં



આવી રહ્યો છે કે આચાર્ય અશોકભાઈ પ્રજાપતિ કચરો વાળવાનું કહે છે અને કચરો ન વાળીએ તો માર મારે છે. જોકે, બાળકો દ્વારા કરવામાં આવેલા આ આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ થવાની બાકી છે. જેથી સમગ્ર ઘટનાની શિક્ષણ વિભાગ દ્વારા નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી પણ માંગ ઊઠી છે. આ ઘટનાને પગલે "બાળકોના હાથમાં પુસ્તક અને પેન હોવા જોઈએ કે ઝાડુ અને ડસ્ટબિન?" તેવો સવાલ પણ ઊભો થયો છે.

## સૂર્યાઘોડા-મોરખાલા માર્ગ પર નાળાની કામગીરીની શરૂઆત

**માર્ગની** કિનારીના સમારકામ સાથે ચેતવણી બોર્ડ લગાવાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 21

બોડેલી તાલુકાના સૂર્યાઘોડા-મોરખાલા માર્ગ પર આવેલ નાળાની બિસ્માર સ્થિતિને લઈને રજૂ થયેલા અહેવાલોની અસર જોવા મળી છે. તંત્ર દ્વારા નાળાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવતા સ્થાનિક લોકો અને વાહનચાલકોમાં રાહતનો અનુભવ થયો છે.

છેલ્લા ઘણા સમયથી નાળાની બાજુની માટી અને કપચી ચોમાસાના વરસાદી પાણીના વહેણથી ધોવાઈ જતાં માર્ગની કિનારી તૂટી ગઈ હતી.પરિણામે રસ્તાનો એક ભાગ નાળા તરફ ધસી જતાં માર્ગ સાંકડો બની ગયો હતો. આ સ્થિતિને કારણે



સામસામે વાહનો પસાર થાય ત્યારે અકસ્માતનું જોખમ વધી ગયું હતું.

માર્ગની કિનારી ધોવાઈ જવાથી વાહનચાલકોમાં ખાસ કરીને રાત્રિના સમયે ભયનો માહોલ જોવા મળતો હતો. નાળાની આસપાસ સુરક્ષાના પૂરતા સાધનો, રેલિંગ અથવા ચેતવણીના બોર્ડની જરૂરિયાત પણ ઊભી થઈ હતી. આ સમગ્ર સમસ્યા અંગે અહેવાલો રજૂ થયા બાદ તંત્ર હરકતમાં આવ્યું છે અને નાળાની જરૂરી કામગીરી તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવી છે.

## શિનોરમાં રૂ. ૮૦ લાખના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

(પ્રતિનિધિ) શિનોર, તા. 21

શિનોર ગ્રામ પંચાયત ના સત્તાધીશો અને માજી તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા ગામમાં વિવિધ વિસ્તાર મા 80 લાખ નાં ખર્ચે બનેલ આરસીસી રસ્તા, પેવર બ્લોક અને ગટર લાઈનના કામોનું ખાત મુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્દિરા કોલોની મા ગટર અને રસ્તા ની સુવિધા વર્ષોબાદ થતા ત્યાંના રેહવાસીઓ દ્વારા પંચાયત ની આખી ટીમ નુ ભવ્ય સ્વાગત કરી તમામ રહેવાસીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

શિનોર ગ્રામ પંચાયત દ્વારા સ્વભંડોળ માંથી આશરે 80 લાખ નાં વિકાસ ના કામો નુ ખાતમુહૂર્ત અને લોકાર્પણ વડોદરા જીલ્લા કોષા અધ્યક્ષ સચિન પટેલ સરપંચ કિન્નલબેન પટેલ અને ઉપ સરપંચ નિતિનભાઈ ખત્રી અને ગ્રામ



પંચાયત અને તાલુકા પંચાયત સદશ્યો નાં હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગામના નાક સમાન ગામમાં પ્રવેશવાનો માર્ગ વેરાઈ માતાજીનાં ચોરાથી હાઈસ્કૂલ નાં નાળા સુધી નો માર્ગ જે દરેક ચોમાસા મા ખાડા પડી જતા હોય બસ ચાલકો અને વાહન વ્યવહાર માટે માથા નો દુખાવો બની જતો હોય તેનો કાયમી નિકાલ માટે 10 લાખ નાં ખર્ચે હેવી પેવર બ્લોક નાખવાના કામ નુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આશરે 70 લાખ નાં ખર્ચે બનેલ વિવિધ વિસ્તાર મા પેવરબ્લોક અને ગટર લાઈન નુ લોકાર્પણ કરવામાં આવ્યું.

## મોકસીમાં જુગાર રમતા ૫ ઝડપાયા, રૂ.૧૧,૦૧૦નો મુદ્દામાલ જપ્ત કરાયો

**ભાદરવા** પોલીસે બાવળના ઝાડ નીચે દરોડો પાડી કાર્યવાહી કરી, જુગારીઓમાં ફફડાટ

(પ્રતિનિધિ) સાવલી, તા. 21

સાવલી તાલુકાના મોકસી ગામે દરોડો પાડીને જુગાર રમતા ૫ ઈસમો ને રૂપિયા 11010 ના મુદ્દામાલ સાથે ભાદરવા પોલીસે ઝડપીને જેલ ભેગા કર્યા છે.

હાલમાં ઓપરેશન પરાક્રમ અંતર્ગત અસામાજિક પ્રવૃત્તિ ઓ સામે જિલ્લા પોલીસ ની ભારે અસરકારક કાર્યવાહી ચાલી રહી છે તેવામાં ભાદરવા પોલીસ ને બાતમી મળેલ કે કેટલાક ઈસમો મોક્સી ગામે ટેકરા વગા પાસે બાવળના ઝાડ નીચે હારજીતનો પાના પત્તાનો જુગાર રમી રહ્યા છે પોલીસે બાતમીના આધારે દરોડો



પાડી ૫ જુગારીઓને ઝડપી પાડ્યા છે અને દરોડા દરમિયાન સ્થળ પરથી રોકડ રકમ મળીઅંગઝડતીના રૂ.૪,૫૬૦ અને દાવ પરથી રૂ.૬,૪૫૦ મળી કુલ રૂ.૧૧,૦૧૦નો મુદ્દામાલ કબજે કર્યો છે (૧) ભઈલાલ રામસિંગ સોલંકી (૨) અલ્પેશભાઈ જગદીશભાઈ નાયક (૩) અશોકભાઈ ચંદુભાઈ નાયક (૪) મહેશભાઈ હનુમાનભાઈ સોલંકી તમામ રહે મોક્સી તા સાવલી (૫) ભગવાન સિંહ ગોપાલસિંહ ચાવડા રહે સાકરદા લુહાર વાળું ફળિયુ તાજી વડોદરા આ પાંચેય ઈસમો સામે ભાદરવા પોલીસે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી જેલ ભેગા કર્યા છે.

## સંખેડાના રતનપુર-રામપુરા રોડ પર પેચવર્ક શરૂ

**લાંબા** સમયથી બિસ્માર માર્ગ પર તંત્રની કાર્યવાહી

(પ્રતિનિધિ) સંખેડા, તા. 21

સંખેડા તાલુકાના હાંડોદથી રતનપુર-રામપુરા રોડની લાંબા સમયથી ખરાબ હાલતને પગલે આખરે તંત્રએ કાર્યવાહી હાથ ધરી છે. માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા આ રોડ પર વેટ મિક્સ મટીરીયલથી પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ સાથે જ નવા રોડ માટે સરકારમાં દરખાસ્ત પણ રજૂ કરાઈ છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રતનપુર-રામપુરા રોડ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા હતા. આના કારણે વાહનચાલકો, ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો અને શાળાના બાળકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી અને



અકસ્માતનો ભય પણ વધી ગયો હતો.

ગ્રામજનોની સતત રજૂઆતો બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ડામર અને વેટ મિક્સ મટીરીયલ લાવી પેચવર્ક હાથ ધરવામાં આવ્યું છે. વિભાગના કર્મચારીઓ દ્વારા યુદ્ધના ધોરણે ખાડા પુરવાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) દ્વારા આ રોડને સંપૂર્ણપણે નવો બનાવવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત પણ રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્ત મંજૂર થતાં ટૂંક સમયમાં નવા રોડનું નિર્માણ કાર્ય પણ શરૂ કરવામાં આવશે.

## બોડેલીમાં ફૂડ વિભાગ દ્વારા ખાણીપીણીની દુકાનો પર ચેકિંગ

**ફૂડ** ટેસ્ટિંગ ઓન વ્હીલ્સથી સ્થળ પર જ ખાદ્ય પદાર્થોની ચકાસણી, નમૂના લેવાયા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 21

બોડેલીમાં ફૂડ વિભાગ દ્વારા આકસ્મિત તપાસ, ખાણીપીણીની દુકાનોમાં સઘન ચેકિંગ ફૂડ ટેસ્ટિંગ ઓન વ્હીલ્સ મોબાઈલ લેબ દ્વારા સ્થળ પર જ ખાદ્ય પદાર્થોની પ્રાથમિક ચકાસણી, જરૂરી નમૂનાઓ લેવાયા બોડેલી નગર માં ફૂડ વિભાગ, વડોદરાની ટીમ દ્વારા ખાણીપીણીની લારીઓ, હોટલો, ફરસાણની દુકાનો સહિત વિવિધ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બોડેલી અલીપુરા ચોકડી, બસ સ્ટેન્ડ વિસ્તાર અને બોડેલી



બજાર સહિતના વિસ્તારોમાં ટીમ દ્વારા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતાની તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન 'ફૂડ ટેસ્ટિંગ ઓન વ્હીલ્સ' મોબાઈલ લેબની મદદથી વિવિધ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને ભેળસેળ અંગેની પ્રાથમિક ચકાસણી સ્થળ પર જ કરવામાં આવી હતી. સાથે જ જરૂરી ખાદ્ય પદાર્થોના નમૂનાઓ પણ લેવામાં આવ્યા હતા. ફૂડ વિભાગની ટીમે ખાણીપીણીના સ્થળોએ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, સ્વચ્છતા તથા હાઈજિન અંગે તપાસ કરી હતી.

## ડભાસા નજીક અજાણ્યા વાહનની ટક્કરે અજાણ્યા ભીખારી જેવા પુરૂષનું મોત

(પ્રતિનિધિ) પાદરા, તા.21

પાદરા-જંબુસર રોડ પર ડભાસા ગામની સીમમાં અજાણ્યા વાહનની ટક્કરે આશરે 35થી 40 વર્ષના અજાણ્યા પુરૂષનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ અજાણ્યો વાહનચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. મળતી માહિતી મુજબ, ગતરોજ વહેલી સવારે ડભાસા ગામની સીમમાંથી પસાર થતા પાદરા-જંબુસર રોડ પર હરસિદ્ધિ ખમણ હાઉસ હોટલ સામે આ અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા ભીખારી જેવા દેખાતા પુરૂષને જંબુસર તરફથી પાદરા તરફ જઈ રહેલા અજાણ્યા વાહનચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી ટક્કર મારી હતી. અકસ્મતમાં પુરૂષને બંને પગ તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

કરજણના કોર્પોરેટર સામે આક્ષેપ, પોલીસ ફરિયાદ ન લેતા IG-SPને રજૂઆત

## કરજણ નગરપાલિકા વિવાદ: RTI માંગનાર નાગરિકને ધમકી, પોલીસ પર ઢીલાશનો આરોપ

(પ્રતિનિધિ) કરજણ, તા.21

કરજણ નગરપાલિકામાં માહિતી અધિકાર (RTI) હેઠળ અરજી કરવા બદલ નાગરીક અને હનુભાઈ ભરવાડને કોર્પોરેટર ઘુઘાભાઈ ઉર્ફે ગોકુળભાઈ ભરવાડ દ્વારા જાનથી મારી નાખવા અને અપહરણ કરવાની ધમકી આપવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. આ ઘટનાએ સ્થાનિક રાજકારણ અને પોલીસની કાર્યપ્રણાલી પર અનેક સવાલો ઉભા કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદી હનુભાઈ પેથાભાઈ ભરવાડનો આક્ષેપ છે કે કોર્પોરેટર ગોકુળભાઈ ભરવાડે તેમને ફોન પર ધમકી આપી હતી. હનુભાઈના જણાવ્યા મુજબ, તેઓ



ગોકુળ ભરભાવડ (કોર્પોરેટર) | નાનો ગોકુળ (કોર્પોરેટરનો ભાઇ)

ઘરે હતા ત્યારે ગોકુળભાઈનો ફોન આવ્યો અને તેમણે પૂછ્યું કે, નગરપાલિકામાં શું કામ RTI અરજીઓ માંગ્યા કરે છે? તને હું અપહરણ કરાવી નાખીશ અને જાનથી મારી નાખીશ." આ ધમકી બાદ હનુભાઈ ભરવાડ તાત્કાલિક કરજણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.

જોકે, કરજણ પોલીસની ભૂમિકા પર પણ ગંભીર આક્ષેપો થયા છે. ફરિયાદી હનુભાઈનો દાવો છે કે પોલીસે તેમની પાક્કી ફરિયાદ નોંધવાને બદલે માત્ર કાચી અરજી લીધી અને "માથાભારે ઈસમ" ગણાતા ગોકુળભાઈ ભરવાડને છાવરવાનો પ્રયાસ કર્યો. આ ઘટનાએ પોલીસની નિષ્પક્ષતા પર પ્રશ્નાર્થ સર્જ્યો છે. આક્ષેપો અનુસાર, ગોકુળભાઈ ભરવાડનો ભૂતકાળ પણ વિવાદાસ્પદ રહ્યો છે. અગાઉ તેમના પર પોલીસકર્મીનું અપહરણ કરી ત્રણ દિવસ ગોંધી રાખવા અને મારી નાખવાનો પ્રયાસ કરવાનો આરોપ છે, જેની ફરિયાદ પણ કરજણ પોલીસ મથકે નોંધાયેલી છે.

## ટ્રેક્ટર ચોરીના ગુનામાં ૧૬ વર્ષથી ફરાર આરોપી સુરતમાંથી ઝડપાયો

**વડોદરા** ગ્રામ્ય SOGની 'ઓપરેશન પરાક્રમ' હેઠળ કાર્યવાહી

(પ્રતિનિધિ) પાદરા, તા. 21

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મિલકત તથા શરીર સંબંધી ગુનાઓમાં નાસતા-ફરતા આરોપીઓ સામે ચાલી રહેલા 'ઓપરેશન પરાક્રમ' હેઠળ વડોદરા ગ્રામ્ય SOGએ ટ્રેક્ટર ચોરીના ગુનામાં છેલ્લા 16 વર્ષથી ફરાર આરોપીને સુરતના જોલવા ખાતેથી ઝડપી પાડ્યો છે. પાદરા પોલીસ સ્ટેશનમાં વર્ષ 2010માં નોંધાયેલા ટ્રેક્ટર ચોરીના ગુનામાં જગદીશ ઉર્ફે ફુટો મોહનલાલ બિશ્નોઈ ફરાર હતો. SOGના પોલીસ ઈન્સ્પેક્ટર પી.કે. સોઢાના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓની માહિતી એકત્ર કરવામાં આવી રહી હતી.



દરમિયાન હ્યુમન રિસોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે આરોપી સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોલવા ખાતે રહેતો હોવાની માહિતી મળી હતી. જેના આધારે SOGની ટીમે જોલવા પહોંચી આરોપીને ઝડપી પાડ્યો હતો. કાયદેસરની કાર્યવાહી બાદ તેને પાદરા પોલીસને સોંપવામાં આવ્યો છે. આરોપી મૂળ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના સાંચોર તાલુકાના દાંતા ગામનો રહેવાસી છે.